Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૨/વશી.પ૨/ -૬૦૦૨

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com

તા.૨૮/૦૪/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ માધ્ય. અને ઉચ્ચ.માધ્યમિક શાળાઓ
સુરત. જિ.સુરત

સામેલ તા.૨૧/૦૪/૨૦૨૨નાં પત્ર અન્વયે આપની કક્ષાએથી નિયમાનુસારની કાર્યવાહી કરવા સારું..

(એચ.એચ.રાજ્યગુરુ)
જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

सत्यमेव जयते

NIPUN BHARAT

પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

ક્રમાંક : જીસીઇઆરટી/તાલીમ/2022/ ૮૨૩૪/330
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-12, ગાંધીનગર
ફોન : (079) 23256813-39
e-mail : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in
તારીખ : 21-04-2022

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારી- તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી- તમામ
શાસનાધિકારી – તમામ

વિષય: ગ્રીષ્મોત્સવ 2022 બાબત....

**સંદર્ભ: અત્રેની કચેરીનો તા. 20-04-2022 નો પત્રક્રમાંક જીસીઈઆરટી/તાલીમ/7956-8052**

ઉપરોક્ત વિષય અન્વયે સંદર્ભદર્શિત પત્રથી કરાયેલ અપીલના ખૂબ સારા પ્રતિસાદ બદલ આપ સૌને ખૂબ ખૂબ અભિનંદન. રજીસ્ટ્રેશન કરાવેલ <u>ધોરણ 3 થી 8 નાં સરકારી, અનુદાનિત તેમજ સ્વનિર્ભર શાળાઓનાં બાળકો</u> નિયમિત રીતે ગ્રીષ્મોત્સવ અંતર્ગત આગામી <u>1 મે (ગુજરાત સ્થાપના દિન)થી 5 જુન, 2022 દરમિયાન સળંગ 36 દિવસ</u> સુધી રીલીઝ થનાર દૈનિક ડીજીટલ સામગ્રીની મદદથી પોતાનાં પરિવારજનો અને મિત્રો સાથે મળીને પ્રત્યક્ષ રીતે વિવિધ પ્રવૃત્તિઓ કરે એ માટે બાળકોને સતત પ્રોત્સાહિત કરવા વિનંતી છે. આ 36 દિવસ દરમિયાન બાળકો વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓ, કલા, ગીત સંગીત, રમતગમત વગેરે દ્વારા વેકેશન દરમિયાન શીખવાના તણાવ વગર આનંદદાયી રીતે સર્વાંગી શિક્ષણ મેળવશે.

માન. વડાપ્રધાનશ્રીએ વિદ્યા સમીક્ષા કેન્દ્રની મુલાકાત દરમિયાન કરેલ સૂચન મુજબ શિક્ષણમાં Human Intervention ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે. આ અન્વયે શિક્ષક દ્વારા બાળકોને પ્રત્યક્ષ રીતે પણ વિવિધ આનંદદાયી પ્રવૃત્તિઓ કરાવવી આવશ્યક છે.

આ પ્રવૃત્તિઓ ચાર દિવસના શિબિર દરમિયાન કરાવવી. આ માટે શાળાના શિક્ષક સ્વૈચ્છિક રીતે સમર કેમ્પના ફેસીલિટેટર તરીકે કામ કરે તે ઇચ્છનીય છે. સદર વર્કશોપ તા. 4 થી 6 મે, 2022 દરમિયાન શાળા કક્ષાએ યોજવો. જેમાં સ્વૈચ્છિક રીતે જોડાનાર 30 બાળકો એક વર્ગમાં રાખવાં. જો બાળકોની સંખ્યા વધુ થાય તો બીજા શિક્ષક પોતાની સેવા આપે. પરંતુ એ ધ્યાન રાખવું કે કોઈ પણ શાળાના શિબિરમાં એક વર્ગમાં 30 થી વધુ બાળકો ન રાખવાં.

રાજ્યભરના સી.આર.સી. કો-ઓર્ડીનેટર પણ પોતાના ક્લસ્ટરની કોઈ એક શાળામાં એક વર્ગના ફેસીલીટેટર બનીને બાળકો સાથે ત્રણ દિવસ પસાર કરે તે અપેક્ષિત છે.

સમર વેકેશન વર્કશોપમાં સ્વૈચ્છિક રીતે જોડાનાર બાળકો અને શિક્ષકોને અત્રેથી પ્રમાણપત્ર આપવામાં આવશે. શિબિરની પ્રવૃત્તિઓ અંગે બાયસેગ દ્વારા પણ માર્ગદર્શન આપવામાં આવશે.

મિત્રો, બાળકોને 21 મી સદીનાં કૌશલ્યો શીખવવા માટે આપણે સહિયારો પ્રયત્ન કરીએ. આપના જિલ્લાના મહત્તમ શિક્ષકો અને વિદ્યાર્થીઓ આ સ્વૈચ્છિક યજ્ઞકાર્યમાં જોડાય તે માટે પ્રોત્સાહિત કરવા વિનંતી.

આભાર સહ,

| | |
|---|---|
| નિયામક | નિયામક |
| જીસીઈઆરટી | પ્રાથમિક શિક્ષણ |
| ગાંધીનગર | ગાંધીનગર |

**નકલ સવિનય રવાના:**

માન. શિક્ષણ સચિવશ્રી, સાતમો માળ, બ્લોક નંબર 5, સચિવાલય, ગાંધીનગર

માન. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, ગાંધીનગર